ઉપચારકો ગયા અને આરામ થઇ ગયો, પીડા જ રામબાણ હતી કોણ માનશે
- શૂન્યપાલન પુરી

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૬ | ૨૯ ડિસેમ્બર, ૨૦૧૪, સોમવાર ; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સ્વચ્છતાના અસરકારક મોનીટરીંગ માટે તાકીદ

## ખ-રોડ પરના ગંદકીના ઠગલા, સે-૧૯માં પણ ગંદકી અસહ્ય બની રહી હોવાથી અધિક સચિવ મોના ખંધાર નારાજ : ડસ્ટબીનોની સુવિધા ઝડપથી પુરી પાડવા કડક તાકીદ

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટ સમીટના આયોજનની તડામાર તૈયારીઓ વચ્ચે શહેરની સ્વચ્છતા મુદ્દે આજે મહાનગરપાલિકા,વનિવભાગ અને માર્ગમકાન વિભાગને કડક તાકીદ કરવામાં આવી છે.

શહેરની સ્વચ્છતા કામગીરી અંગે આજે શહેરી વિકાસ વિભાગના અધિક સચિવ સુશ્રી મોના ખંધારે ગાંધીનગર શહેર રો રાઉન્ડ લીધો હતો. સે-૨૧માં શાકમાર્કેટ તેમજ ડ્રીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, ખ રોડ, ઈન્ફોસીટી સરખેજ માર્ગ, અક્ષરધામ, ઈન્દ્રોડા સર્કલ સહીતના વિસ્તારોની તેમણે મુલાકાત લઈ તંત્ર દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતાને લઈ નારાજગી વ્યકત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ખ રોડ પર સલામતી માટે ઉભા કરાયેલા ટેન્ટ નજીક સુલભ શૌચાલયની સુવિધા તેમજ ટેન્ટની અંદર ડસ્ટબીનની સુવિધા પુરી પાડવા માટે કોર્પોરેશનના અધિકારીઓને સુશ્રી ખંધારે તાકીદ કરી હતી.

ખ રોડ પર જ જે રીતે ગંદકીના ઠગલાઓ છે તે પણ તાત્કાલિક દૂર થાય તે જોવા તેમણે કોર્પોરેશનને કડક તાકીદ કરી હતી.

સુશ્રી ખંધારે અક્ષરધામની બહારની સાઈડમાં પણ જે રીતે ગંદકી ઉભી થઈ છે તેને લઈ સખ્ત નારાજગી વ્યકત કરી હતી. તેમણે વન વિભાગને પણ શહેરના મુખ્યમાર્ગોની આસપાસની વન વિભાગની જમીનોની સફાઈ નહિ થયાનું જણાવી યુધ્ધના ધોરણે કામગીરી કરવા જણાવ્યુ છે.

સે-૨૧ના ડિસ્ટ્રીકટ શોપીંગમાં તેમજ અક્ષરધામ ખાતે આસપાસમાં ડસ્ટબીનોની જરૂરી વ્યવસ્થા કરવા માટે કોર્પોરેશનના અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

તેમણે સફાઈની કામગીરીના અસરકારક મોનીટરીંગનો આગ્રહ કરી સે-૧૯ના રહેણાંક વિસ્તારોમાં જે ગંદકી છે તે પણ દૂર થાય તેમજ સે-૧૯ નજીકના જીમખાના બહાર કચરાના નિકાલની કાયમી વ્યવસ્થા ઉભી કરવા સૂચવ્યુ હતું.

સોકટર-૨૧ના ડીસ્ટ્રીકટ શોપીંગમાં પેવરીંગના કામમાં ગતિ લાવવા માટે માર્ગ-મકાન વિભાગને તાકીદ કરવામાં આવી હતી. તેમણે જિલ્લા તંત્રને પણ દબાણ હટાવ

● અનુસંધાન પાન-૭ પર

# નગરમાં પવન સાથે સૂકી ઠંડીનું જોર

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર શહેર સહિત રાજયના મોટા ભાગના વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી ઠંડીનું મોજુ ફરી વળતા વસાહતીઓને ઠંડીમાં ઠુઠવાવાનો વારો આવી રહ્યો છે. ગત રોજ ઠંડીનો પારો ૭.૮ ડિ.સે. પહોચી જતા નગરજનોએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો. પરિણામે જનજીવન પર માઠી અસર દેખાઈ રહી છે. જો કે આજે ગત રોજની સરખામણીએ લઘુતમ પારો ૧૧.૦ ડિ.સે. નોંધાયો હતો. આથી નગરજનોએ થોડી રાહત મેળવી હતી.

ડિસેમ્બરના માસ પૂર્ણતાના આરે છે. ત્યારે ઠંડી પણ તેનો તેજ તેવર દેખાડી રહી છે. લોકોને ગરમ કપડા પહેરવા અને ઘરમાં પુરાઈ રહેવા મજબુર બનાવી રહી છે. પરિણામે સાંજ પડતા જ સસ્તાઓ સુમસામ બની રહ્યા છે. જેથી જનજીવન પર તેની અસર દેખાઈ રહી છે. છેલ્લા બે દિવસથી ઠંડીનો પારો સતત ગગડતા લોકોએ કાતિલી ઠંડીનો સામનો કર્યો હતો. અને લઘુતમ તાપમાન ૭.૮ ડિ.સે. જયારે મહત્તમ તાપમાન ૨૬ ડિ.સે. રહ્યુ હતુ. રાત્રે ઠંડા પવન ફુકાયા હતા. આજે બે દિવસ બાદ ઠંડીમાં ૩ ડિ.સે.નો ઘટાડો નોંધાતા. લઘુત્તમ તાપમાન ૧૧ ડિ.સે. જયારે મહત્તમ તાપમાન ૨૬ ડિ.સે.નોંધાયુ હતું. ઉપરાંત સવારે ભેજ ૫૬ ટકા અને સાંજે ૩૦ ટકા નોંધાયો હતો. ઠંડીમાં થોડો ઘટાડો થયો હતો. પરંતુ સતત સુસવાટા સાથે ઠંડા પવન ફુંકાતા હજુ સુધી રહીશોને ઠંડીમાંથી જેવો જોઈએ તેવો છુટકારો મળ્યો નથી.




(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વાગતમ્ - આગામી સપ્તાહથી ગાંધીનગર મહેમાનોથી છલકાઈ જશે... મહેમાનોને આવકારવા ગાંધીનગર શણગારાઈ રહ્યું છે... પ્રવેશદ્વારો પર આકર્ષક કમાનો લાગી રહી છે... પ્રવાસી ભારતીય દિવસ, વાયબ્રન્ટ સમિટ અને પ્લાસ્ટ ઈન્ડિયા જેવા ભવ્યાતિભવ્ય કાર્યક્રમો ગાંધીનગરને આંગણે યોજાઈ રહ્યા છે ત્યારે દેશના અને વિદેશના મહેમાનોને આવકારવા સમગ્ર ગાંધીનગર તત્પર બન્યું હોય એવું વાતાવરણ સર્જાય રહ્યું છે...

# આવતીકાલે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક

ગાંધીનગર, તા.૨૮

ભાજપ વિધાયક દળની આગામી મંગળવારના રોજ એક બેઠક મળનારી છે. જેમાં આગામી વાયબ્રન્ટ સમિટ કાર્યક્રમ અંગેની જવાબદારીઓ સોંપવામાં આવનાર હોવાનું જાણવામળે છે.

મંગળવારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની બેઠક મળનારી છે.

આગામી ૮મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૧મી જાન્યુઆરીના રોજ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટના કાર્યક્રમનું પણ ઉદઘાટન વડાપ્રધાનના હસ્તે કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં વિશ્વભરમાંથી નિવેશકારો અને વિદેશી મહેમાન આવવાના છે. આથી આ કાર્યક્રમને સફળ બનાવા માટે તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય સ્વાગત સહીતની કામગીરીના આયોજન અંગે ચર્ચા વિચારણા કરીને ધારાસભ્યોને માર્ગદર્શન આપીને આ કાર્યક્રમોની જુદી જુદી કામગીરીની જવાબદારીઓ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ જાન્યુઆરીમાં યોજાનારા આ મહત્વના બે કાર્યક્રમોને ધ્યાને લઈને ધારાસભ્યોને આ સમયગાળા દરમિયાન અન્ય કોઈ કાર્યક્રમોમાં ન જવા અને ગાંધીનગર ખાતે આ કાર્યક્રમો માટે સોંપવામાં આવનારી જવાબદારીઓ નિભાવવા ગાંધીનગરમાં રોકાણ કરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



નાતાલ પર્વે પ્રાર્થના - ભગવાન ઈસુના જન્મોત્સવ નિમિત્તે વિશ્વભરમાં નાતાલ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે... ૨૫ ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી સુધીના સાત દિવસ અનેકવિધ કાર્યક્રમો યોજીને ક્રિશ્ચિયન પરિવારો ઉજવણી કરે છે... આજકાલ સવાર-સાંજ દેવળોમાં પ્રાર્થના સભા નિયમિત રીતે યોજાય છે અને મોટી સંખ્યામાં ખ્રિસ્તી પરિવારો પ્રાર્થનામાં જોડાય છે... પાદરીઓ દ્વારા ભગવાન ઈસુનો સંદેશ સૌને સમજાવાય છે અને અમલ માટે આગ્રહ કરાય છે..




# વાયબ્રન્ટ બાદ બોર્ડ-નિગમોમાં નિમણુંકો

ગાંધીનગર તા.૨૮

બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકોની થંભી ગયેલી પ્રક્રિયા પૂર્ણ શરૂ કરવામાં આવી છે અને આગામી સપ્તાહમાં અથવા વાયબ્રન્ટ સમીટ બાદ નિમણુંક કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

રાજય સરકારે પ્રથમ બે તબકકામાં નાના દશ જેટલા બોર્ડ-નિગમોમાં ચેરમેન ઉપાધ્યક્ષો અને ૭૦ થી વધુ ડિરેકટરોની નિમણુંકો કરી દીધી છે. જો કે બાકી રહેલા મહત્વના કેટલાક મોટા બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેકટરોની પ્રક્રિયા બાકી રાખવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ સંગઠન અને સરકાર દ્વારા બાકી રહેલા મહત્વના બોર્ડ-નિગમોમાં ચેરમેનો અને ડિરેકટરોની નિમણુંકો માટેની પ્રક્રિયા હાથ ધરી છે. સંગઠન સાથે પરામર્શ કર્યા બાદ કયા બોર્ડ-નિગમોમાં કોને ચેરમેન બનાવવા ઉપાધ્યક્ષ બનાવવા અને કોને કયા નિગમોમાં ડિરેકટર તરીકે નિમણુંકો આપવી તે અંગેના નામોની એક યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બોર્ડ-નિગમો ઉપરાંત કેટલાક શહેરી વિકાસ સત્તા મંડળોના ચેરમેનોની પણ મુદત પુરી થતાં આ સત્તા મંડળોમાં પણ ફેરબદલ કરીને નવા ચેરમેનોની નિમણુંકો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ બાકી રહેલા બોર્ડ-નિગમોમાં વર્તમાન કોઈ પણ સાંસદ કે ધારાસભ્યોને સ્થાન આપવામાં આવનાર નથી. જો કે પૂર્વ ધારાસભ્ય કે સાંસદ હોઈ તેમજ વરિષ્ઠ આગેવાનો અને કાર્યકર્તાઓને ને બોર્ડ-નિગમોની નિમણુંકોમાં સ્થાન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજયની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આગામી વર્ષે આવનારી હોઈ આ ચૂંટણીઓને ધ્યાને રાખીને કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરવા માટે બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકો આગામી સપ્તાહમાં અથવા તો વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ બાદ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. જો કે બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકનો તખ્તો ઘડી કાઢવામાં આવતો હોવાનું જાણવા મળે છે.




